This Question Paper consists of 30 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં **30** પ્રશ્નો અને **8** મુદ્રિત પાનાં છે.

**Roll No.** / **અનુક્રમાંક** | | | | | | | | | | | | |

**Code No. 65/SS/A/GU**
**કોડ સં.**

**SET / સેટ – A**

# BUSINESS STUDIES
# વ્યાવસાયિક અધ્યયન
# (319-G)

**Day and Date of Examination** ______________________
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)**

**Signature of Invigilators** **1.** ______________________
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)**
**2.** ______________________

**General Instructions :**

**1** Candidate must write his/her Roll Number on the first page of the Question Paper.

**2** Please check the Question Paper to verify that the total pages and total number of questions contained in the Question Paper are the same as those printed on the top of the first page. Also check to see that the questions are in sequential order.

**3** Making any identification mark in the Answer-Book or writing Roll Number anywhere other than the specified places will lead to disqualification of the candidate.

**4** Write your Question Paper Code No. **65/SS/A/GU-A** on the Answer-Book.

**સામાન્ય સૂચના :**

**1** પરીક્ષાર્થી પ્રશ્નપત્રના પ્રથમ પાના પર પોતાનો અનુક્રમાંક અવશ્ય લખે.

**2** કૃપયા તપાસી લેવું કે પ્રશ્નપત્રના કુલ પાનાં અને પ્રશ્નપત્રમાં કુલ પ્રશ્નોની સંખ્યા, પ્રથમ પાનામાં ઉપર જણાવેલી સંખ્યાથી સમાન હોય. તે પણ ચકાસી લેવું કે પ્રશ્નો ક્રમમાં છે.

**3** ઉત્તર પુસ્તિકામાં કોઈ પણ ચિહ્નો બનાવવા અથવા નિર્દિષ્ટ સ્થાનો સિવાય અન્ય કોઈ સ્થાન પર અનુક્રમાંક લખતા પરીક્ષાર્થીને અયોગ્ય જાહેર કરવામાં આવશે.

**4** ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **65/SS/A/GU-A** લખવી.

# BUSINESS STUDIES
# વ્યાવસાયિક અધ્યયન
# (319-G)

Time : **3** Hours ] [ Maximum Marks : **100**

સમય : 3 કલાક ] [ અધિકતમ ગુણ : 100

---

**Note :** (i) **All** questions are compulsory.

(ii) Marks allotted are indicated against each question.

(iii) Each question from Question Nos. **1** to **10** has four alternatives - (A), (B), (C) and (D), out of which one is most appropriate. Choose the correct answer among the four alternatives and write it in your Answer Book against the Number of the question. No extra time is allotted for attempting multiple choice questions.

**નોંધ :** (i) બધા જ પ્રશ્નો અનિવાર્ય છે.

(ii) પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ આપવામાં આવેલ છે.

(iii) પ્રશ્ન સંખ્યા **1**થી **10**ના પ્રત્યેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો - (A), (B), (C) અને (D) આપેલ છે જેમાંથી એક સૌથી યોગ્ય છે. આપેલા ચાર વિકલ્પોમાંથી સાચા વિકલ્પની પસંદગી કરી, તમારી ઉત્તર પુસ્તિકામાં પ્રશ્ન સંખ્યાની સામે લખો. બહુવિકલ્પ પ્રશ્નોના ઉકેલ માટે કોઈ અતિરિક્ત સમય આપવામાં નહીં આવે.

---

**1** Production manager is a : **1**

(A) middle level manager (B) lower level manager

(C) top level manager (D) both lower level and middle level manager

ઉત્પાદન પ્રબંધક હોય છે :

(A) મધ્યસ્તરીય પ્રબંધક (B) નિમ્નસ્તરીય પ્રબંધક

(C) ઉચ્ચસ્તરીય પ્રબંધક (D) બન્ને નિમ્નસ્તરીય અને મધ્યસ્તરીય

**2** Which of the following principle of management states that placement of men and material should be properly made? **1**

(A) Division of work (B) Discipline

(C) Equity (D) Order

નીચેમાંનો કયો સિદ્ધાંત જણાવે છે કે શ્રમ અને સામગ્રી બન્નેની સમુચિત વ્યવસ્થા હોવી જોઈએ ?

(A) કાર્ય વિભાજન (B) અનુશાસન

(C) સમાનતા (D) સમુચિત વ્યવસ્થા

3 Training of 200 workers for cloth printing in a year is : 1

(A) a policy (B) an objective

(C) a strategy (D) a programme

દર વર્ષે 200 કારીગરોને કાપડ પ્રિંટિંગમાં પ્રશિક્ષિત કરવા છે :

(A) એક નીતિ (B) એક ઉદ્દેશ્ય

(C) એક રણનીતિ (D) એક કાર્યક્રમ

4 Accountability is an element of : 1

(A) Directing (B) Organising

(C) Delegation (D) Decentralisation

જવાબદારી નિર્ધારિત કરવી એક તત્ત્વ છે :

(A) નિર્દેશનનું (B) સંગઠનનું

(C) પ્રતિનિધિ મંડળનું (D) વિકેંદ્રીકરણનું

5 Which type of finance is required for 'Renovation of building of the enterprise'? 1

(A) Long term finance (B) Short-term finance

(C) Medium-term finance (D) Both short-term and medium-term finance

ઉદ્યમના ભવનના નવીનીકરણ કરવા માટે કયા પ્રકારના ફાઈનાન્સની જરૂરિયાત છે?

(A) લાંબા-ગાળાનું ફાઈનાન્સ (B) ટૂંકાગાળાનું ફાઈનાન્સ

(C) મધ્યમગાળાનું ફાઈનાન્સ (D) બન્ને ટૂંકાગાળા અને મધ્યમગાળાનું ફાઈનાન્સ

6 X Ltd. earned a profit of ₹ 10 crore. Out of this the company decided to retain ₹ 6 crore for business expansion and growth. The decision will be called : 1

(A) Investment Decision

(B) Financing Decision

(C) Both Investment and Financing Decision

(D) Dividend Decision

X લિ. એ ₹ 10 કરોડનો નફો મેળવ્યો. તેમાંથી કંપનીએ ધંધાના વિસ્તરણ અને વૃદ્ધિ માટે ₹ 6 કરોડ જાળવી રાખવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય કહેવાશે :

(A) રોકાણ નિર્ણય

(B) વિત્તીય નિર્ણય

(C) બન્ને રોકાણ અને વિત્તીય નિર્ણય

(D) ડિવિડન્ડ નિર્ણય

7 A person who organises the various marketing activities is called : 1

(A) Seller (B) Manufacturer

(C) Marketeer (D) All of the above

માર્કેટિંગની વિવિધ ગતિવિધિઓને સંચાલિત કરવાવાળો માણસ કહેવાય છે :

(A) વિક્રેતા (વેચનાર) (B) નિર્માતા (ઉત્પાદક)

(C) વિપણનકર્તા (માર્કેટીયર) (D) ઉપરમાંના બધા જ

8 One who actually uses the product or services is called : **1**

(A) Buyer (B) Consumer

(C) Customer (D) Both Buyer and customer

જે વાસ્તવમાં પેદાશ અથવા સેવાનો ઉપયોગ કરે છે તેને કહેવાય છે :

(A) ખરીદનાર (B) ઉપભોક્તા

(C) ગ્રાહક (D) બન્ને ખરીદનાર અને ગ્રાહક

9 Which of the following statements is related to a wholesaler? **1**

(A) Deals in limited variety of products

(B) Trading activities carried on near the residential areas

(C) Provides goods at the homes of consumers

(D) Deals in various varieties of products

નિમ્નલિખિતમાંથી કયું નિવેદન જથ્થાબંધ વેપારી સાથે સંકળાયેલું છે?

(A) ઉત્પાદનોની મર્યાદિત પ્રકારોનો વેપાર કરે છે.

(B) આવાસીય વિસ્તારોની નજીક વેપાર પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

(C) ઉપભોક્તાઓને વસ્તુઓ ઘેર પહોંચાડવામાં આવે છે.

(D) પેદાશની વિવિધ કિસ્મો (પ્રકારો)માં વેપાર કરે છે.

10 Who among the following creates the consumer welfare fund for providing financial assistance to strengthen the voluntary consumer movement? **1**

(A) Government (B) Consumer

(C) Consumer organisation (D) Non-government organisations

નીચેનામાંથી કોણ ગ્રાહક ચળવળને સશક્ત કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવા માટે 'ગ્રાહક કલ્યાણ ભંડોળ'નું સૃજન કરે છે?

(A) સરકાર (B) ઉપભોક્તા

(C) ઉપભોક્તા સંગઠન (D) બિન-સરકારી સંગઠન

11 Ashok is working as a general manager in a garment manufacturing enterprise. His sun Rohan asked him about the nature of management. Besides stating the other characteristics of management, Ashok also told Rohan that management is also an 'Art'. State any three points through which Ashok could convenience Rohan that management is an Art. **3**

અશોક એક ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ એન્ટરપ્રાઈઝમાં જનરલ મેનેજર તરીકે કામ કરે છે. તેમના પુત્ર રોહને તેમને પ્રબંધનની પ્રકૃતિ વિશે પૂછ્યું. પ્રબંધનની અન્ય વિશિષ્ટતાઓ જણાવવા ઉપરાંત અશોકે રોહનને એ પણ કહ્યું કે પ્રબંધન એ એક 'કળા' પણ છે. એવા કોઈ પણ ત્રણ મુદ્દાઓ બતાવો જેના આધારે અશોક રોહનને આશ્વસ્ત કરી શકે કે પ્રબંધન એક 'કળા' છે.

12 Geeta is working as a business resource manager in a toys manufacturing company. She had to select 20 skilled workers. Explain the first two steps that Geeta should take. **3**
ગીતા રમકડાં બનાવતી કંપનીમાં બિઝનેસ રિસોર્સ મેનેજર તરીકે કામ કરે છે. તેણીને 20 કુશળ કામદારોની પસંદગી કરવાની હતી. ગીતાએ જે પ્રથમ બે પગલાં લેવાં જોઈએ તે સમજાવો.

13 State any three objectives of financial management. **3**
નાણાકીય વ્યવસ્થાપનના કોઈ પણ ત્રણ ઉદ્દેશ્યો જણાવો.

14 What is meant by 'Durable goods' and 'Non-durable' goods? **3**
'ટકાઉ માલ' અને 'બિન-ટકાઉમાલ' એટલે શું?

15 Differentiate between 'Wholesale Trade' and 'Retail Trade' on any three basis. **3**
કોઈ પણ ત્રણ મુદ્દાઓના આધારે 'જથ્થાબંધ વેપાર' અને 'છુટક-વેપાર' વચ્ચે તફાવત બતાવો.

16 State any four points of importance of management. **4**
મેનેજમેન્ટના મહત્ત્વના કોઈ પણ ચાર મુદ્દાઓ જણાવો.

17 Briefly explain any four 'organisational barriers' to effective communication. **4**
અસરકારક સંચાર માટે કોઈ પણ ચાર સંસ્થાકીય અવરોધોને ટૂંકમાં સમજાવો.

18 Explain any two factors that affect the fixed capital requirement of an enterprise. **4**
એન્ટરપ્રાઈઝ (ઉદ્યમ)ની કાયમી મૂડીની જરૂરિયાતને અસર કરતાં કોઈ પણ બે પરિબળો સમજાવો.

19 Briefly describe any four points of importance of external trade. **4**
બાહ્ય વેપારના મહત્ત્વનાં કોઈ પણ ચાર મુદ્દાઓ ટૂંકમાં વર્ણવો.

20 Shyam purchased a washing machine from 'Wash Well Ltd'. He got the machine installed by the technician of the company and followed all the instructions for its use as given in its brochure. While using the machine his wife got an electric shock. Identify the consumer right which ensures that the manufacturer shall not produce and sell sub-standard and dangerous products. Also state any three reliefs that Shyam could get from the company. **4**
શ્યામે 'વેલવૉશ લિમિટેડ'માંથી એક વૉશિંગ મશીનની ખરીદી કરી. તેણે કંપનીના ટેકનિશિયન દ્વારા મશીન ઈન્સ્ટોલ કરાવ્યું અને તેના બ્રોશરમાં આપેલી તમામ સૂચનાઓનું પાલન કર્યું. મશીનનો ઉપયોગ કરતી વખતે તેની પત્નીને ઈલેક્ટ્રિક શોક લાગ્યો. ગ્રાહક અધિકારને ઓળખો જે ખાતરી કરે છે કે ઉત્પાદકે ઉપ-માનક અને જોખમી ઉત્પાદનોનું ઉત્પાદન અને વેચાણ કરવું જોઈએ નહીં. એવી ત્રણ રાહતો પણ દર્શાવો કે જે કંપની પાસેથી શ્યામને મળી શકે છે.

21 Explain any five principles of 'Scientific Management'. **5**
'વૈજ્ઞાનિક પ્રબંધન'ના કોઈ પણ પાંચ સિદ્ધાંતોને સમજાવો.

22 State the five needs as per 'Maslow's Hierarchy of Needs'. **5**
માસ્લોની પ્રદાનુક્રમ વ્યવસ્થાનુસાર પાંચ જરૂરિયાતોનો ઉલ્લેખ કરો.

23 State any three limitations of equity shares from shareholders point of view and any two limitations from management point of view. **5**
શેરધારકોના દષ્ટિકોણથી ઈક્વિટી શેરની કોઈ પણ ત્રણ મર્યાદાઓ અને મેનેજમેન્ટના દષ્ટિકોણથી કોઈ પણ બે મર્યાદાઓ જણાવો.

24 Explain any five objectives of marketing. **5**
માર્કેટિંગના કોઈ પણ પાંચ હેતુઓ સમજાવો.

25 State any five merits of super markets. **5**
સુપરમાર્કેટના કોઈ પણ પાંચ લાભોનો ઉલ્લેખ કરો.

26 In a programme of 'Mukt Vidya Vani' there was a discussion on the characteristics of management. As a student of institute of opening schooling with business studies as one of the subjects at senior secondary level, you were listening the programme. Explain any four characteristics of management that have emerged out of the discussion. **6**
'મુક્ત વિદ્યાવાણી'ના એક કાર્યક્રમમાં પ્રબંધનની વિશિષ્ટતાઓ વિશે ચર્ચા થઈ રહી હતી. રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષા સંસ્થાનના એક વિદ્યાર્થી હોવાના કારણે અને ઉચ્ચતર માધ્યમિક સ્તર પર વ્યવસાયિક અધ્યયનનો એક વિષય હોવાના લીધે તમે કાર્યક્રમ સાંભળી રહ્યા હતા. આ ચર્ચામાં ઉજાગર થયેલ પ્રબંધનની કોઈ પણ ચાર વિશિષ્ટતાઓ સમજાવો.

**OR / અથવા**

You are working as an assistant manager in a big departmental store. Explain any four principles of general management that you are using while performing your duty.
તમે એક મોટા ડિપાર્ટમેંટલ સ્ટોરમાં સહાયક પ્રબંધક તરીકે કામ કરો છો. સામાન્ય વ્યવસ્થાપનના કોઈ પણ ચાર સિદ્ધાંતો સમજાવો જેનો તમે તમારી ફરજ બજાવતી વખતે ઉપયોગ કરો છો.

27 Ramesh is working as a human resource manager with 'Jai Kisan Ltd' a company manufacturing pesticides used in agriculture. He has to recruit 10 salesmen for the company. After determining the qualification and experience required for various jobs involved, he is in search for suitable persons. For this purpose Ramesh may use various resources from out side the company. Explain any four such resources. **6**
કૃષિમાં વપરાતી જંતુનાશકોનું ઉત્પાદન કરતી 'જય કિસાન લિમિટેડ' કંપનીમાં રમેશ એક માનવ-સંસાધન પ્રબંધક તરીકે કામ કરે છે. તેને કંપની માટે 10 સેલ્સમેનની ભરતી કરવી છે. જરૂરી લાયકાત અને અનુભવ નક્કી કર્યા પછી તે આ નોકરી માટે યોગ્ય વ્યક્તિઓની ખોજમાં છે, આ હેતુ માટે રમેશ કંપનીની બહારના વિવિધ સંસાધનોનો ઉપયોગ કરી શકે છે. આવા કોઈ પણ ચાર સંસાધનો વિશે સમજાવો.

**OR / અથવા**

Sudesha is working as a Production Manager in 'Fancy Shoes Ltd. On 1st June 2022 she set a target of producing 5000 pairs of shoes for this month. On 30th June Sudesha found that only 4500 pairs of shoes could be manufactured. She was unhappy because of this shortfall in output. She called her subordinate and asked her to find out the reason. She found that some machines were defective and needs repair and also a few workers require training.

By doing this Sudesha had completed some of the steps in the process of an important function of management.

Identify the function of management and explain the steps completed in the process.

સુદેશા 'ફેન્સી શૂઝ લિમિટેડ'માં ઉત્પાદન મેનેજર તરીકે કામ કરે છે. 1 જૂન, 2022ના રોજ તેણે આ મહિના માટે 5000 જૂતાંની જોડનું ઉત્પાદન કરવાનો લક્ષ્ય નિર્ધારિત કર્યો. 30મી જૂન, 2022ના રોજ સુદેશાને જાણ થઈ કે માત્ર 4500 જોડ જૂતાંનું જ ઉત્પાદન થયું છે. તે ઉત્પાદનની આ ખામીથી નાખુશ છે. તેણે પોતાના સહાયકોને બોલાવી તપાસ કરવાનું કહ્યું. તેણે જાણ થઈ કે થોડાક મશીનો ખરાબ હતા જેને રીપેરિંગની જરૂરત હતી અને અમુક કામદારોને પ્રશિક્ષિત કરવાની જરૂરત હતી.

આ માટે સુદેશાએ પ્રબંધનના એક અગત્યના કાર્યની પ્રક્રિયાના અમુક પગલાં સમ્પન્ન કર્યા.

પ્રબંધનના કાર્યની ઓળખ કરો અને આ પ્રક્રિયામાં સમ્પન્ન કરવામાં આવતાં પગલાંઓને સમજાવો.

**28** The Securities Contract (Regulation) Act has defined this institution as an "association, organisation or body of individuals, whether incorporated or not, established for the purpose of assisting, regulating and controlling business of buying, selling and dealing in securities. **6**

(a) Name the institution.

(b) Explain any two functions of this institution.

સ્કિયોરિટીઝ કોન્ટેક્ટ રેગ્યુલેશન એક્ટે આ સંસ્થા અથવા એસોસિએશન સંસ્થા, અથવા વ્યક્તિઓની સંસ્થા તરીકે વ્યાખ્યાયિત કરી છે, પછી ભલે તે સિક્યોરિટીઝના ખરીદ-વેચાણ અને લેણ-દેણના વ્યવહારમાં મદદ, નિયમન અને નિયંત્રણના હેતુથી સ્થાપિત હોય.

(a) આ સંસ્થાનું નામ બતાવો.

(b) આ સંસ્થાનાં કોઈ પણ બે કાર્યો સમજાવો.

**OR / અથવા**

Rohan is working as a finance manager in a woollen garments manufacturing company. Briefly describe any four factors that Rohan should consider while determining the working capital requirements of the company.

રોહન વુલન્સ (ઊની) ગારમેંટ્સ બનાવતી કંપનીમાં ફાયનાન્સ મેનેજર તરીકે કામ કરે છે. કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતો નક્કી કરતી વખતે રોહને ધ્યાનમાં લેવા યોગ્ય કોઈ પણ ચાર પરિબળોનું ટૂંકમાં વર્ણન કરો.

**29** 'Many people consider advertising to be a wasteful activity and something harmful for the customers and the society in many ways'. Explain any four arguments that such people give against advertising. **6**

'ઘણાં લોકો જાહેરાતને ગ્રાહકો અને સમાજ માટે ઘણી રીતે અપવ્યય અને હાનિકારક ગતિવિધિ માને છે'. આવા લોકો દ્વારા જાહેરાતના વિરોધમાં આપેલ કોઈ પણ ચાર દલીલો સમજાવો.

**OR / અથવા**

Different producers lay different emphasis on different aspects of the concept of marketing. Sona Ltd. first identifies the needs and wants of consumers and consider their needs and wants while producing its products. Its key to maximize profit is customer satisfaction.

(a) Identify and explain the marketing management philosophy adopted by Sona Ltd.

(b) Also name and explain the marketing management philosophy (i) Which lays emphasis on quality of products and services. (ii) Which lays emphasis an aggressive selling techniques.

વિભિન્ન ઉત્પાદકો માર્કેટિંગનાં વિવિધ પાસાંઓ માટે જુદી-જુદી રીતે ભાર મૂકે છે. સોના લિમિટેડ સૌ પ્રથમ ઉપભોક્તાઓની ઈચ્છાઓ અને જરૂરિયાતોને ઓળખે છે અને પોતાની પેદાશનું ઉત્પાદન કરતી વખતે આ ઈચ્છાઓ અને આવશ્યકતાઓને ધ્યાનમાં રાખે છે.

ગ્રાહકોનો સંતોષ તેની નફો વધારવાની ચાવી છે.

(a) સોના લિમિટેડ દ્વારા અપનાવેલ માર્કેટિંગ મેનેજમેન્ટની અવધારણાઓને ઓળખો.

(b) સાથે જ માર્કેટિંગ મેનેજમેન્ટ અવધારણાઓના નામ આપો અને સમજાવો : (i) જે પેદાશ અને સેવાઓની ગુણવત્તા પર ભાર મૂકે છે. (ii) જે આક્રમક વેચાણ તકનીકો પર ભાર મૂકે છે.

**30** 'External trade is an important indicator of economic condition of a nation. Both importing and exporting countries are benefited by external trade.' In the light of this statement explain any four points of importance of external trade. **6**

'બાહ્ય વેપાર એ રાષ્ટ્રની આર્થિક સ્થિતિનું અગત્યનું સૂચક છે. આયાત અને નિકાસ કરતા બન્ને દેશોને બાહ્ય વેપારથી ફાયદો થાય છે.' આ નિવેદનના પ્રકાશમાં બાહ્ય વેપારના અગત્યના કોઈ પણ ચાર મુદ્દાઓ સમજાવો.

**OR / અથવા**

'Consumers hardly use their rights due to lack of awareness, ignorance or lethargic attitude. However in view of the prevailing malpractices and their vulnerability there to, it is necessary to provide them physical safety, protection of economic interest, access to information, satisfactory product standard and statutory measures for redressal of their grievances.' In the light of this statement, briefly explain any four arguments in favour of consumer protection.

'જાગૃતિ, અજ્ઞાનતા અથવા સુસ્ત વલણના અભાવે ગ્રાહક ભાગ્યે જ તેમના અધિકારોનો ઉપયોગ કરે છે. અતઃ પ્રચલિત અનુચિત વ્યવહાર અને તેમની અતિ સંવેદનશીલતાના કારણે, તેમને શારીરિક સલામતી આપવી જોઈએ, તેમના આર્થિક હિતનું રક્ષણ કરવું જોઈએ, તેમને જરૂરી માહિતી આપવી જોઈએ, સંતોષકારક ઉત્પાદન ધોરણ અને તેમની ફરિયાતોના નિરાકરણ માટે વૈધાનિક પગલાં પ્રદાન કરવા જરૂરી છે.' આ વિધાનના પ્રકાશમાં ગ્રાહક સુરક્ષાની તરફેણમાં કોઈ પણ ચાર દલીલોને ટૂંકમાં સમજાવો.